# -: બ્રહ્માંબાબાનો દિવ્ય સ્નેહ :-

**સમાજમાંથી અજ્ઞાનતા અંધશ્રધ્ધા** દૂર કરી બ્રહ્માંબાબાએ સત્ય જ્ઞાન દુનિયા સમક્ષ રાખ્યું. બાહ્ય આડંબરો, કર્મકાંડો વગેરેને બદલે રાજયોગ અને આચરણની શુદ્ધિ ઉપર વિશેષ ભાર મૂકયો.

**આ**ધ્યાત્મિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર મહાન આત્માઓની વિશેષતાઓ એમના લૌકિકજીવનથી જ દ્રષ્ટિ ગોચર થતી હોય છે. હીરા ઝવેરાતના પ્રસિદ્ધ વેપારી દાદા લેખરાજના પત્નીને અપરમા હતા છતાં એમની આ પુત્રી પ્રત્યે પોતે જન્મ આપેલી પુત્રી હોય તેવો જ વ્યવહાર કરતા હતા. એક દિવસ તેઓ પુત્રીને મળવા આવ્યા ત્યારે પોતાની સાસુને જોઇને દાદાએ એમની પત્નીને કહ્યું, ‘જશોદા, તારા અપરમાં આવ્યા છે.’ સ્વાભાવિક રીતે બોલાઈ ગયેલા આ શબ્દો પ્રત્યે તેમની સાસુએ ધ્યાન ન આપ્યુ કારણકે તેઓ જમાઈની વિશેષતાઓ અને ગુણોને જાણતા હતા. પુત્રીને મળીને તેઓ પોતાના ઘેર ગયા.

દાદા ચિંતન કરવા બેઠા ત્યારે એમને પોતાની સાસુ માટે બોલાયેલા શબ્દો યાદ આવ્યા અને પસ્તાવાથી દિલ ભરાઈ ગયું. મારા મોઢેથી ‘અપરમાં આવ્યા છે’ એમ કેમ બોલાઈ ગયું. એમને કેટલું દુઃખ થયું હશે. આમ વિચાર આવતા જ તેઓ શ્વશુંરગૃહે ગયા.

પુત્રીના ઘેરથી પોતાના આવ્યા પછી થોડા સમયમાં જ પોતાના જમાઈને ઘેર આવતા જોઇને દાદાના સાસુ વિસ્મય પામ્યા પણ દાદાએ સ્પસ્ટતા કરી કે ચિંતાનું કોઈ કારણ નથી. એમનાથી ‘અપરમા’ શબ્દ બોલાઈ ગયો હતો તેથી પોતે ક્ષમા માગવા આવ્યા છે તેમ તેમણે જણાવ્યું. સાસુએ આ વાતને હસી કાઢી અને સરભરા કરીને જમાઈને વિદાઈ કર્યા.

આવા તો અનેક ગુણો દાદા લેખરાજના જીવનમાં વિદ્યમાન હતા. તેથી તો પરમાત્માએ સૃષ્ટિ પરિવર્તનના મહાન કાર્ય માટે એમના ઉપર પસંદગી ઉતારી. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના તેઓ સ્થાપક બન્યા અને

પરમાત્માએ સોંપેલા કાર્ય માટે એમણે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દીધું, છતાં મનમાં તેનો ગર્વ નહોતો બલકે બેહદની નમ્રતા હતી. આમ્રવૃક્ષ આમ્રફળ આવતા નીચું નમે છે. મહાન આત્માઓ વિશેષતા ધારણ કરવા છતાં પણ નમ્ર બને છે.

જયારે સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સામાન્ય હતું ત્યારે જ્ઞાનનો કળશ કન્યા-માતાઓને શિરે મૂકયો. જયારે 'નારી નરકનું દ્વાર છે' એમ કહેવાતું ત્યારે દાદા કહેતાં કે કન્યાઓ-માતાઓ દ્વારા સ્વર્ગના દ્વાર ખૂલે છે. પરમાત્માએ એમને મહાન કાર્ય માટે નિમિત્ત બનાવ્યા. તેથી તેમનું નામ દાદા લેખરાજમાંથી પ્રજાપિતા બ્રહ્મા થયું.

સમાજમાંથી અજ્ઞાનતા, અંધશ્રદ્ધા દૂર કરી બ્રહ્માંબાબાએ સત્ય જ્ઞાન દુનિયા સમક્ષ રાખ્યું. બાહ્ય આડંબરો, કર્મકાંડો વગેરેને બદલે રાજયોગ અને આચરણની શુદ્ધિ ઉપર વિશેષ ભાર મૂકયો.

સત્ય વસ્તુ કહેવા છતાં બાબાની વાણીમાં ક્યાય કટુતા નહોતી પણ રહેમદિલીનો ભાવ જણાતો. મન, વાણી અને કર્મની એકરૂપતા, સર્વ પ્રત્યે સમાન દ્રષ્ટી અને આત્મિક દ્રષ્ટિનો પ્રભાવ લોકોને આકર્ષિત કરતો.

બ્રહ્માંબાબાનું દિવ્ય સ્નેહ નીતરતું મુખારવિંદ, અજોડ દિવ્ય પ્રતિભા, મુક્તિ અને જીવનમુક્તિની અનુભૂતિ કરાવતા જ્યોતિર્મય નયનો, દ્રઢ મનોબળ, અશરીરી અવસ્થા, ત્યાગ, તપસ્યા અને સેવાની ગહનતા, તીવ્ર વૈરાગ્યભાવ, અતીન્દ્રિય સુખમાં સદા મગ્ન વગેરે ગુણોનો પ્રભાવ સમાજ ઉપર અને બ્રહ્માવત્સો ઉપર પડ્યો. આજે વિશ્વના ૯૦ દેશોમાં એમનું સૃષ્ટી પરિવર્તનનું કાર્ય ચાલી રહ્યું છે.

****